## શુભેચ્છાનું સ્મિત

એક ઠેકાણે ધખધખતા પાણીમાં ફૂલોને ઉકાળી એનું અત્તર અને ગુલાબજળ થઈ રહ્યું હતું, તો બીજે ઠેકાણે ગુલકંદ માટે તાજાં ફૂલો વિખાઈ રહ્યાં હતાં. આ જોઈ એક દ્રવિત હૃદયે ગુલાબને જ પૂછ્યું: "જેની પાંખડીઓમાં નયનમનોહર રંગો, સુકુમારતા અને સૌંદર્ય છે અને પરાગમાં મનને ભરે એવો પમરાટ છે એવાં સૃષ્ટિનાં નિર્મળ સ્મિતસમાં ફૂલો, તમારી આ હાલત !"

ફૂલો વેદનામાં પણ હસી પડ્યાં, "હા, અમારી આ હાલત છે. અમારી નહિ, અમારા જેવા સહુ શુભેચ્છકોની આ હાલત છે. જે ખીલે છે, ઉપર આવે છે અને શુભેચ્છાનું સ્મિત વેરે છે એને માણસો જોઈ નથી શકતા! હા, વિપત્તિથી રડતા કે વેદનાથી પીડાતા કંગાલને જોઈ માણસ જરૂર દયાનો હાથ લંબાવે છે પણ સ્મિતથી ઉદય પામતાને તો એ ઈર્ષાથી કચડી જ નાખે છે.

પણ માનવ એ ભૂલી જાય છે કે એ ભલે અમને પીંખે કે ઉકાળે પણ અમે મરતાં નથી, સુવાસ અને કુમાશરૂપે જીવીએ જ છીએ. પહેલાં અમારી શુભેચ્છાનું સ્મિત ફૂલોમાં હતું હવે સુવાસમાં-સ્મિત તેજ છે.

'ચિત્રભાનુ'



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

જગત માટે પોતાના જીવનને ઘસી નાખનાર મનુષ્ય, પોતે ઘસાતો નથી, પણ પૃથ્વી પર સ્વર્ગ ઊભું કરે છે.

"સૌરભ"

અંક ૧૨ મો

# "અનેકાન્તને પગલે"

પૂ. ગુરુદેવ મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રી પાસે અનેક જ્ઞાનના પિપાસુઓ આવ્યા જ કરે છે, ઘણી ઘણી જ્ઞાનગોષ્ઠિઓ થાય છે અને પોતાના મનમાં ઉદ્ભવેલા પ્રશ્નોનું સંતોષપૂર્વક નિરાકરણ મેળવી જાય છે.

તેમ સોમવાર તા. ૬-૫-૬૮ વરલી ઉપર આવેલી ગ્રીન લૉન સ્કૂલમાં પૂ. ગુરુદેવ પાસે એક નવી જ વ્યક્તિ આવી અને એક નવા વિષય ઉપર નવો પ્રકાશ પ્રસર્યો.

**Mr. Peter Dunne** જેઓ હાલમાં **Washington D.C.**થી આવ્યા છે અને **Washington**માં **'Temple of Understanding'**ના **Executive Director** છે, તેઓ જૈનધર્મના પ્રાણુતત્ત્વોને જાણવા પૂ. ગુરુદેવ પાસે આવ્યા.

આજે સારાય વિશ્વમાં અશાંતિ છે. ધર્મો છે છતાં પણ માનવ માનવ વચ્ચે એક પૂર્વગ્રહ **prejudice**ની દિવાલ ઊભી છે, ધર્મ જ ધર્મથી દૂર છે. દરેક ધર્મ કંઈક સારી વસ્તુ કહેવા માગે છે, કહેવાની રીત અને ભાષા જુદી છે.

જે માણસ પોતાના ધર્મનો અભ્યાસ કરે છે અને બીજાની ઉપેક્ષા કરે છે તેનું મન ધીમેધીમે સંકુચિત થઈ જાય છે, એકાંગી થઇ જાય છે. પરંતુ બીજા ધર્મોના અભ્યાસથી માનવી પોતાના ધર્મ તરફ વધારે સમજણથી વળે છે, એની સમજણમાં વ્યાપકતાનું દર્શન થાય છે. પૂ. ગુરુદેવ જીવનની શરૂઆતમાં શ્રી અરવિંદ અને રમણ મહર્ષિના આશ્રમમાં ગયા ત્યારબાદ ઉપનિષદ, વેદાંત, ગીતા, ત્રિપીઠક વગેરેનો સંપૂર્ણ અભ્યાસ કરી બાઈબલ, કુરાન વગેરે જોઈ ગયા. આમ ઘણા ઘણા વિષય ઉપર ઘણું વાચન કર્યું, બધા ધર્મોનો અભ્યાસ કર્યો અને પછી જૈન ફિલોસોફી તરફ વળ્યા. આજે પણ સહુ ભકતો જાણે છે કે પૂ. ગુરુદેવની વિશિષ્ટતા એમની વિશાળ અને વ્યાપક દૃષ્ટિમાં છે, એમના અંતરના દ્વાર સર્વ માટે ખુલ્લાં છે. પૂ. ગુરુદેવ એક જ વસ્તુ ઇચ્છે છે કે માનવ વિશ્વમાનવ બને.

વિશ્વના ભિન્ન ભિન્ન માનવીઓને વધુ નજીક લાવવા માટે **Washington** માં **'Temple of Understanding'** નામની સંસ્થા શરૂ કરવામાં આવી છે. મંદિર બાંધી પૂજા કે પ્રાર્થના કરવી એવો આગ્રહ નથી પરંતુ એક સુંદર મકાન બાંધી અંદર સર્વધર્મનાં પુસ્તકોનું પરિશીલન અને વિચારકોના પરિસંવાદ ગોઠવી મૈત્રી અને બંધુભાવ વધારવો, વિશ્વના દરેક ધર્મનો સમાવેશ કરવો અને એકબીજાના ધર્મ અને તેને અનુરૂપ વિચારોની આપલેથી માનવને માનવની નજીક લાવવો એ જ આ સંસ્થાનો ઉદ્દેશ છે. કોઇ પણ ધર્મનો પ્રચાર કે વટલાવવાનો (conversionનો) વિચાર નથી પણ અજ્ઞાત એવા માનસમાં બીજા ધર્મ શું છે અને શું કહેવા માગે છે એની જાણ કરવી જેથી માનવી પોતાનો ધર્મ પણ વધારે સારી રીતે સમજી શકે.

'Temple of understanding' તરફથી આવેલા શ્રી ડન વિશ્વમાં ફરતાં ફરતા મુંબઇ આવ્યા છે. આપણા દેશમાં તેઓ દરેક ધર્મ કે સંપ્રદાયના આગેવાનોને મળીને તેઓના વિચારોને જાણવા માગે છે. જૈનતત્ત્વ વિષે વધુ જાણવાની ઈચ્છાથી પૂ. ગુરુદેવ પાસે ખાસ સમય લઇને વરલી જઈ વાર્તાલાપ કર્યો હતો અને પ્રશ્નોત્તરી કરી હતી.

પૂ. ગુરુદેવે જૈન ફિલોસોફીની સમજણ ઘણી જ સરળ ભાષામાં શ્રી ડનને આપી હતી. જૈન તત્ત્વજ્ઞાન એ ખૂબ ઝીણવટથી સમજવાનું છે. આજે જૈન ધર્મ અંગે ઘણી અણસમજ ઊભી થઈ છે.

ઘણા માને છે કે એ હિંદુધર્મની શાખા છે, કેટલાક માને છે કે એ બુદ્ધધર્મમાંથી આવેલી ફિલોસોફી છે. પૂ ગુરુદેવે શ્રી ડનને સમજાવ્યું કે જૈનધર્મની શરૂઆત આ અવસર્પિણીમાં ભગવાન આદિનાથથી થઈ અને ત્યારબાદ ભગવાન મહાવીર જેઓ ભગવાન બુદ્ધના સમકાલીન હતા તેમણે નવો ધર્મ નથી સ્થાપ્યો પણ નવો જ **Renaissance** લાવ્યા. ભગવાન મહાવીરના આગમન પહેલાં મંદિરોમાં ધર્મના નામે હિંસા થતી અને માનવ માનવમાં નીચ અને ઉચ્ચના ભેદ હતા, જીવનમાં ઘર્ષણ હતું એ બધું દૂર કરવા માટે પ્રભુ મહાવીરે આત્મસમભાવનું સ્વરૂપ સમજાવ્યું.

જેમ એક સોનાની વીંટીને તોડીને તેમાંથી સોનાની બુટ્ટી બનાવવામાં આવે ત્યારે બુટ્ટી એ નવો આકાર છે પણ સોનું તો એમાં પહેલાં પણ હતું અને આજે પણ છે. આ રીતે જૈનધર્મ કેટલો જૂનો છે એ ઝીણવટથી સમજાવ્યું. જૈનધર્મના મૂળતત્ત્વો અહિંસા, અનેકાન્તવાદ, કર્મવાદ અને પ્રભુ એ જગતના કર્તા નથી પણ માર્ગદર્શક છે એની સમજ આપી.

આજે અનેકાન્તવાદ, **Theory of Relativity**ની આવશ્યકતા ઘણી છે. માનવના વિચારોનું બીજું

[અનુસંધાન કવર - ૪ પર

# * વિદાયની વેળાએ *

ઉનાળો આવે અને ખેડૂતની નજર વાદળ ઘેરાયેલા ગગન પ્રતિ જાય. આકાશમાં વાદળાં જુએ અને મનમાં આશા બંધાય. એનું ભાવિ, એની મહેનતનું ફળ વર્ષા ઉપર આધાર રાખે છે. એના નયનોમાં રહેલી આતુરતા અને આકાંક્ષા જોતાં કોઈનું પણ મન દ્રવી જાય. વર્ષા વરસ્યે ધગધગતી ધરતીમાં શીતળતા છવાઈ જાય અને જેમ મયૂર આનંદથી નાચી ઊઠે એમ ખેડૂતનું અંતર પણ નાચી ઊઠે છે. એની મહેનત સફળ થાય છે, આખું ખેતર વૃષ્ટિ અને એના પુરુષાર્થથી સુંદર મોલથી લચી પડે છે. પછી તો બાકીનો સમય જે વાવ્યું તેને લણવામાં જાય છે.

પરંતુ ભકતોના હૃદય જુદાં છે. એમના તૃષાતુર હૃદયો ભગવાનની વાણી ઝીલવા ઉત્સુક છે. પ્રભુની વાણી વગર હૃદયની ધરતી શુષ્ક બની જાય છે. એ શુષ્ક ધરતીમાં મુનિરાજોની પ્રેમાળ ઉપદેશની વાણીની વર્ષા થતાં ધર્મબીજ ભકતોનાં હૃદયોમાં પુલકિત થાય છે, શુષ્ક જીવનમાં હરિયાળુ પરિવર્તન આવે છે, જીવન ધન્ય બની જાય છે.

નિમ્નમાંથી ઉન્નત પ્રતિ લઈ જનાર સાધુઓના સમાગમથી માણસ માનવ બને છે, સદ્‌ગુણો પ્રતિ આકર્ષાય છે, જે સાધનો છે તેમાં સંતોષથી તૃપ્તિ માણે છે. પણ એક બાબતમાં સંતોષ નથી કેળવી શકતો – જ્ઞાનના શ્રવણનો. આ અસંતોષ સંતોના સતત સમાગમની ઝંખના માણસને સાચા અર્થમાં મુમુક્ષુ બનાવે છે.

જે સાધુઓને લાવતાં અનંદ થાય છે તે સાધુઓનો વિહાર આંખમાં અશ્રુ લાવે છે. સંયોગ છે ત્યાં વિયોગ છે એ સમજવા છતાં સાધુનો વિયોગ સહુને સાલે છે.

અસંગીનો સંગ જ એવો છે, જે જીવનમાં અદ્‌ભુત રંગ લાવે છે. આજે છેલ્લા ચાર ચાર વર્ષથી પૂ. ગુરુદેવના મુખેથી પ્રભુની વાણીનો લાભ લેતો કોટનો સંઘ ઉદાસ હતો. પૂ. ગુરુદેવે છેલ્લા ચાર વર્ષમાં જે જ્ઞાનગંગા વહાવી એનાથી હજારોના જીવનની કાયાપલટ થઇ, એ જ્ઞાનની ગંગામાં અનેકનાં જીવન નિર્મળ અને પારદર્શક બન્યાં.

આંખમાં અશ્રુ આવે એ સ્વાભાવિક છે, હજી અનાસક્તિની ઉચ્ચ કોટિએ પહોંચ્યા નથી, પહોંચવું છે એ નિશ્ચિત છે.

ચાર ચાર વર્ષમાં પૂ. ગુરુદેવે ઘણું વહાવ્યું, ભકતોના હૃદયોએ ઘણું ઝીલ્યું પણ અંતે વિદાય લેતા અસંગીના સંગમાંથી શું મેળવાય એનું તાત્પર્ય પૂ. ગુરુદેવે ટૂંકાણમાં આ પ્રમાણે વિદાય વેળાએ સમજાવ્યું.

માણસના જીવનમાં પાપ વધી જાય છે ત્યારે એ પાપને દૂર કરવા કોઈ પાલીતાણા જઇને શત્રુંજય નદીમાં સ્નાન કરે તો કોઈ ભકત ગંગા નદીમાં જઈ સ્નાન કરે છે. પણ જો માત્ર નાહવાથી પાપ દૂર થતાં હોત તો માછલાં તો રોજ નહાય છે. એટલે માત્ર નાહવાથી શુદ્ધ નથી થવાતું.

શત્રુંજય નદીમાં કોણ શુદ્ધ થાય? કોણ નિર્મળ થાય? સંતોષ આવે તો શુદ્ધ થાય. અસંતોષની જ્વાળાઓ પ્રજ્વલિત થઈ બળતી જ હોય તો નદીમાં જઇને નાહી આવવાથી અંદરની જ્વાળાઓ શાંત નહિ થાય. સંતોષ મનમાં આવે તો તમે સુખી થાઓ. આ સંતોષ નદીમાં નાહવાથી નહિ આવે પણ સાધુના સમાગમથી આવે છે.

કેટલું રળવું છે? કયાં સુધી રળવું છે? કેમ રળવું છે? રળીને કોને ખવડાવવું છે?

એક મોઢું અને અનેક દુકાનો! એક જીવન અને અનેક ઓફિસો! એક તન અને અનેક બ્લોકો! કેટલું જોઇએ છે? વિચાર કરે તો એને થાય કે આ સાડાત્રણ હાથની જગ્યા માટે હું કેટલી ધાંધલ કર્યા કરું છું. જિંદગી તો બધાની વીતી જવાની છે. જોટાની ડબલ રૂમમાં પણ વીતી

જવાની અને લાખ્ખો રૂપિયાના આલીશાન બ્લોકમાં પણ વીતી જવાની. ત્યારે આપણે કેટલું જોઈએ ? આ વસ્તુઓને ભેગી કરવા માટે અંતરમાં હોળી સળગાવ્યા જ કરીએ અને અંતર બધું બળ્યા કરે; આપણા જીવનમાં જીવવાનો આહ્‌લાદ, આનંદ, સુખ અને શાંતિ ન આવે તો આ બધું શા કામનું ? કોને માટે ?

સાધુના સમાગમથી સંતોષ આવે છે, કેવો સંતોષ આવે છે ! જે રાજાઓ નવું રાજ્ય મેળવવા માટે યુદ્ધ કરતા તે જ રાજાઓ સાધુના સમાગમમાં આવ્યા અને નવું રાજ્ય મેળવવાની વાત તો દૂર રહી, હતું એ રાજ્ય પણ છોડીને સાધુ થઈ ગયા.

તમારા મનમાં જો એક વૈરાગ્યનું કિરણ પ્રકાશ પાથરી જાય, તો રાજ્ય પણ ભાર લાગે. विरक्तस्य तृणं जगत् ।

જે દબાણ forceથી નથી થતું એ પ્રેમથી થાય છે, જે સજાઓથી નથી થતું એ સમજણથી થાય છે. સાધુઓના કહેવાથી લોકો લાખો ઠલવી નાખે છે. ભગવાનની વાત જચી જાય તો છોડતાં વાર લાગતી નથી. બિહારના દુષ્કાળ વખતે ૬૦૦૦)ની મૂડીવાળા ભાઈને ૫૦૦૦) આપતા જોયા છે, કહે બાકીના પૈસાથી ધંધો ચાલુ રાખીશ મને તો રોટલો મળી રહેશે.

જો જચે નહિ તો જેટલી Income - tax ની ઓફિસો વધતી જાય એટલા વેપારીઓના ચોપડા પણ વધતા જાય.

માણસ જો અંદરથી, સમજણથી નહિ સુધરે તો સત્તાથી સુધરવાનો નથી.

ગંગા પાપને દૂર કરે કે નહિ પણ સંતનો સમાગમ જો બરાબર કરતાં આવડે તો મનમાં સંતોષ જરૂર આવે. અને જેના મનમાં સંતોષ આવી ગયો એનાં ઘણાં પાપ ધોવાઈ ગયાં.

પાપ ધોવાનો માર્ગ એક જ છે. જેટલો સંતોષ એટલાં પાપ ધોવાય; જેટલો અસંતોષ એટલાં પાપ વધતાં જાય. આનું ખાવું, તેનું ખાવું, અરે, ખાવાનું કાંઈ નથી અને પાપ ખૂબ ખવાઈ જાય છે. પાપ ખવાતાં ખવાતાં માણસ ખવાઈ જાય છે. એમાંથી છૂટવાનો માર્ગ એક જ છે; સંતનો સમાગમ.

ધરતી તપી હોય, ધગધગતી હોય, સાંજ પડે અને ચંદ્રમાનું આગમન થાય, એમાંથી વરસતું અમૃત ધરતીને શીતળ કરી દે છે અને વનસ્પતિ અમૃતમય બની જાય છે. સંતનો સમાગમ પણ એવો છે. તમારું મન સંસારના રાગદ્વેષથી બળતું હોય, સ્વજનોના અપમાનથી તપતું હોય, નિકટના માણસોના દગાઓથી અને વિશ્વાસઘાતથી સળગતું હોય એવે વખતે એ સાચા સંત પાસે જાય અને સંત એને સમજાવે કે સંસાર એટલે જ આ બધું. આ તો અનાદિ-કાળથી ચાલતું જ આવ્યું છે. સ્નેહીઓના ફટકા, મિત્રોના દગા અને ભાગીદારોની છેતરપીંડી એ જુગજૂની વાત છે. ત્યારે એને આશ્વાસન મળે છે કે મારા એકને જ માટે આવું નથી બન્યું અને મનનો તાપ ઓછો થાય છે.

કોઈવાર રાગદ્વેષથી દુભાયો હોય, ક્રોધમાં આવેલો હોય અને એ ક્રોધના આવેશમાં અંદર અંતર તપેલા તવાની જેમ ધગધગતું હોય ત્યારે ઘરના માણસો સારી વાતો કહે તો પણ એ સમૂ કરીને ખલાસ થઈ જાય છે. એ વખતે કોઈ સાધુનો સમાગમ હોય, એની પાસે બેઠેલા હો તો એ તપેલું મન પણ ધીરે ધીરે શાંત બની જાય છે, એને શાંતિ મળે છે. જે શીતળતા ચંદ્રમાની જ્યોત્સ્નાથી મળે છે એવી શાંતિ સંતના સમાગમથી મળે છે.

જીવનમાં દારિદ્ર્ય આવે અને મનમાં થાય ક્યાં જાઉં ? કલ્પવૃક્ષની છાયા મળે તો મારાં બધાં જ મનોવાંછિત પૂરા થઈ જાય. દરિદ્રતાને દૂર કરવા માણસ કલ્પવૃક્ષનો સમાગમ ઇચ્છતો હોય છે.

આપણે પ્રાચીન કથાઓમાં સાંભળ્યું છે કે માનવી કલ્પવૃક્ષની નીચે બેઠો અને એના બધા ય દુઃખ દૂર થઈ ગયાં અને એને જે જોઈતું હતું એ મળી ગયું.

આજના જમાનામાં કલ્પવૃક્ષ ક્યાંય દેખાતાં નથી. લોકો ઝાડને જ રહેવા દેતા નથી તો કલ્પવૃક્ષને તો ક્યાંથી રહેવા દે!

પણ સાધુનો સમાગમ એ કલ્પવૃક્ષનું કામ કરે. સાધુ તમારા મનની દીનતાને કાઢવાનું કામ કરે. જેને સાચા સાધુનો સમાગમ હોય એ કદી દીન નહિ હોય. ગરીબ હોય પણ દીન નહિ.

પૈસો ન હોવો એ પુણ્યની યારી નથી એમ કહી શકાય, દુઃખ આવી જાય તો ગયા જન્મનું એવું પાપ થઈ ગયું છે એમ માને પણ દીન બનવું એ તો મનની કંગાલિયત છે.

સાધુના સમાગમમાં રહેનારો સાધનથી અને પૈસાથી સામાન્ય હોઈ શકે પણ દીન ન હોય. સાધુનો સમાગમ એને સદા મનથી સમૃદ્ધ રાખે છે.

એક ઘરના બારણે લખ્યું હતું:
"સંતોષથી જીવન ગુજરે એટલું પ્રભુ આપજે,
ઘર ઘર ગરીબી છે છતાં પણ દિલ અમીરી રાખજે."

પૈસાદારો કેટલા? મોટા ભાગે ગરીબો જ છે. છતાં દિલ અમીરાત્વાળું હોવું જોઈએ. દિલ દીન બની ગયું તો ધન હોવા છતાં પણ કંગાલિયત છે.

દીનતા એ તો જિંદગીનો અભિશાપ છે. તમારું દિલ એ કદી પણ દીન ન બને.

દાગીના, પૈસો આ બધી વસ્તુઓ તો safeમાં મૂકવાની વાત છે. એને સાચવવા માટે ઉપરથી ભાડું આપવું પડે. સારો પ્રસંગ આવે ત્યારે લોકોને રાજી કરવા માટે તમારે પહેરીને જવાનું. લોકો જુએ અને પોતે ખુશ થાય. લોકોને રાજી કરવાના છે ભાઈ! પોતાને નહિ.

કોઈ દહાડો તમે દાગીના પહેરીને બ્લોક બંધ કરીને, ઘરમાં એકલા રહીને કહો છો કે "આજ હું મારા ચિત્તને ખુશ કરવા આ પહેરું છું!" કોને માટે પહેરવાના? આજે લગ્નમાં જવાનું છે એટલે લોકો જોવાના છે. રાજી કોને કરવાના? લોક સમૂહને, પોતાને નહિ.

ત્યારે આપણું જીવન કોને માટે છે? આપણને રાજી કરવા માટે કે લોકોને રાજી કરવા માટે? આ એક તત્ત્વજ્ઞાન છે, બહુ ઊંડાણથી વિચારવા જેવું છે. ભલે એ વાતોને આપણે હસી કાઢીએ. હસવું બહુ સહેલું છે, મોટામાં મોટી વાતને હસીને ઉડાવી શકાય છે પણ સત્યોને ગંભીરતાથી વિચારવા માટે તો એક દૃષ્ટિ જ જોઈએ.

આ બધું કોને માટે? લોકો રાજી રહે એ માટે કપડાં પહેરીને, જુદા જુદા દાગીના પહેરીને જવાનું? આ શરીર ઉપર ભાર છે.

ભગવાન મહાવીરે સાધુઓને સરસ વાત કહી કે તમે ભિક્ષા માગજો પણ ભિક્ષુક મનથી ન બનતા. ભિક્ષા માગવી અને ભિક્ષુક ન બનવું એમાં કેટલું અંતર છે!

ભીખ માગવી અને ભિખારી ન બનવું એ કેમ બને?

સાધુ ગોચરી લેવા જાય ત્યારે મનમાં શું વિચાર કરે? ગોચરી મળશે તો શરીરને પોષણ મળશે અને એના દ્વારા સંયમનું પોષણ થશે. આંખ સારી હોય તો જીવદયા બરાબર પળાય, અવાજ સારો હોય તો ઉપદેશ સારો દઈ શકાય, કાન સારા હોય તો ધર્મકથા સારી રીતે સાંભળી શકાય અને શરીર સારું હોય તો કોઈના ઉપર પરાધીન થઈને જીવવું ન પડે.

આ માનવજીવન એ સરસ vehicle છે, સાધન છે. ભગવાને મુનિઓને કહ્યું કે માનવ-

જીવન જેવું ઉત્તમ સાધન મળ્યું છે. તો એનો ઉત્તમ ઉપયોગ કરજો.

માનવજીવનની આ જાત્રામાં આ શરીરમાં એકાદું અંગ ક્યાંય પણ નુકસાન પામ્યું તો આખું vehicle અટકી જાય. શરીર કામનું છે પણ કામનું કયારે? ધર્મક્રિયામાં લાગતું હોય તો કામનું છે.

ગોચરી મળી તો એની પાસેથી સંયમનું સુંદરમાં સુંદર કામ લઈશ પણ માનો કે ગોચરી ન મળી, બાર વાગી ગયા અને બધાના ચૂલા સમાપ્ત. તો પાતરાં લઈને પછાડે નહિ પણ કહે કે ચાલ, આજે ગોચરી ન મળી તો તપોવૃદ્ધિ. ઉપવાસ કરી લે. મળ્યું તો સંયમનું પોષણ અને ન મળ્યું તો તપોવૃદ્ધિ.

જીવનનો આ મંત્ર છે. આ મંત્ર આપણે શીખવાનો છે. તમે ભગવાનના સમાગમમાં રહો, સાધુના સમાગમમાં રહો, પૈસો ઓછો હોય તો કહો કે એટલું મેં પુણ્ય નથી કર્યું. પણ દીન નહિ બનવાનું. દીન બનવું એ મનની વાત છે. દીનતાને ખંખેરીને અદીન બનવાનું છે. કદાચ સંજોગો તમને દરિદ્ર બનાવે પણ મન તમને દીન ન બનાવે એટલું તમે જોતા રહેજો. સંજોગો આપણા હાથમાં નથી પણ મન આપણા હાથમાં છે. આપણું મન સદા અદીન રહે.

ધર્મ શબ્દોમાં નહિ, અંતરમાં વસી જાય તો પાપ, તાપ અને દારિદ્ય આ ત્રણે વસ્તુ ટળે. સાધુના સમાગમથી સંતોષ આવે એટલે નવાં પાપ કરે નહિ, તાપ એટલે મનની અંદરના કષાયો ઓછા થઈ જાય અને કષાયો જતાં પુરુષાર્થી માણસો સાધનો માટે દીન ન બનતાં અદીન રહે.

પુરાણમાં એક રૂપક કથા છે. વૃત્તાસુર નામનો અસુર બધાયને હેરાન કરતો હતો. ઇંદ્ર પણ એનાથી થાકી ગયો. ઇંદ્રે વિચાર કર્યો કે શું કરવું? દધીચિ પાસે ગયો, દધીચિએ પોતાના હાડકાનું વજ્ર બનાવીને આપ્યું અને કહ્યું કે જા, આ વજ્ર લઇને જા, હવે તું વૃત્તાસુરને મારી શકીશ.

વૃત્તાસુર એટલે આપણાં મનની અંદર બેઠેલા અશુભ વિચારો અને ઇંદ્ર એટલે આપણી ઇંદ્રિયો. આપણી ઇંદ્રિયો આપણા અશુભ વિચારને જ્યારે control નથી કરતી ત્યારે દધીચિનાં હાડકાં એટલે સંતોના વિચારો, સંતોનો સમાગમ, એમનો ઉપદેશ, એમની વાણીની સહાય માણસના અંતરમાં રહેલા વૃત્તાસુર નામના અશુભ વિચારને સમાપ્ત કરે છે.

અસંગીના સંગથી આ લાભ થાય. રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ. આજે ઊંધુ છે, ત્યાગ તરફ વૈરાગ્ય છે અને રાગ તરફ અનુરાગ છે. એટલે તમે રાગના અનુરાગમાં હેરાન છો અને ત્યાગના વૈરાગ્યમાં હેરાન છો. એના કરતાં તમે આમ ન કરો? ત્યાગ પ્રત્યે રાગ અને રાગ પ્રત્યે વૈરાગ્ય.

તમે આટલાં વર્ષ અસંગીનો સંગ કર્યો, વ્યાખ્યાનો સાંભળ્યાં તો આ બે તમારા જીવનમાં હોવાં જોઇએ: ત્યાગનો રાગ થાય અને રાગનો ત્યાગ થાય. ★

# "ઊગતા જીવનને ઉદ્બોધન"

(તા. ૨-૨-૬૮ના શુક્રવારે સવારે ન્યુ ઈરા સ્કૂલમાં પૂ. ગુરુદેવનું પ્રેરણાદાયી પ્રવચન ગોઠવવામાં આવેલું. વિદ્યાર્થીઓના ઉત્સાહી, આતુર અને નિર્મળ માનસમાં સુંદર વિચારોનું રોપણ પૂ. ગુરુદેવે કર્યું હતું).

જીવનનો હેતુ શો છે? ખાવા માટે, પહેરવા માટે કે મરવા માટે નહિ પણ જેવો આત્મા તમારામાં વસે છે એવો જ આત્મા સહુમાં વસે છે એવી સમસંવેદના કરી, એકરૂપ બનવા માટે છે. સામાનું દુઃખ અને દર્દ જોઈ તમારા હૃદયમાં વ્યથા અને સંવેદના ઉત્પન્ન થવી જોઇએ.

આજે સેવા કરીને કદર માગે છે. જે કદર માગે છે તે બેકદર છે. સેવા શા માટે કરવાની છે? કદર માટે નહિ, પણ આંતરતૃપ્તિ માટે. દુઃખીને, દર્દીને જુઓ ત્યાં તરત દોડી જાઓ. પછી વિશ્વ તમારું અંગ બનશે અને તમે એના કેન્દ્રમાં બેસી જશો.

દૂરથી આવતો પથરો માથાને કે પગને લાગવાનો હોય તો હાથ એની મદદે તરત દોડી જાય છે ને? એ વખતે હાથ એમ નથી કહેતો કે મને વાગે તો જ હું મારો હાથ લંબાવું, પગને વાગે તેથી મારે શું?

વિદ્યાનો અર્થ વિશ્વની ચેતના સાથે એકતાનો અનુભવ કરવો તે છે. વિદ્યાર્થીને એમ થવું જોઇએ કે હું વિશ્વનું અંગ બનું.

દુનિયા એક echo point છે. ભાવનાનો જેવો પ્રવાહ મૂકો, સામેથી એવો પ્રવાહ આવે. વિશ્વને ચાહો તો વિશ્વ તમને ચાહશે. મહાપુરુષો વિશ્વને ચાહતા તો વિશ્વ એમને ચાહે છે.

તમારી સામે ઉમદા સમય છે, ઊઘડતું પ્રભાત છે, વિશાળ ક્ષેત્ર છે, અંગમાં સ્ફૂર્તિમય ચેતનાનો ધબકાર છે, તમે ધારો તે કરી શકો તેમ છો. જે થાકી ગયા છે એમને શું કહું? તમારી પાસે બધી શક્તિ છે. જે ગાડી જોરથી દોડે છે એને સારી બ્રેકની જરૂર છે.

આજે આ શકિત યુનિવર્સિટીના કાચો તોડવામાં, કૉલેજો બંધ કરાવવામાં અને પથરા નાખવામાં વપરાય છે. શકિત ખરાબ નથી, એ તો એક surging bubbling energy છે. તમારી શકિતઓના વેગને, ઊભરાતી જિજ્ઞાસાને કોઇ સુંદર દિશામાં લઈ જાય એવા શિલ્પીની જરૂર છે, પ્રણેતાની જરૂર છે, પ્રજાના સર્જકની જરૂર છે. બાળકોના હૃદયમાં રહેલા ઉમદા ભાવોનું ઘડતર કરે, પથ્થરમાંથી પ્રતિમા બનાવે એવા શિલ્પીઅધ્યાપકો મળે તો દેશ ધન્ય બને – મળે એવી આશા રાખું છું.

તમે તમારી આવતી કાલના પ્રભાતને સુંદર કરવા વિચારશીલ બનો. એ અંગે ત્રણ મુખ્ય વિચારો તમારી સમક્ષ મૂકું છું.

પહેલી વાત : તમે જે કામ કરો તે સર્જનાત્મક દૃષ્ટિથી કરો. ભણવા બેસો ત્યારે એમ ન કહો કે આ કેટલો બોજો છે? પારકી ભાષા શા માટે ભણવી? એમ કહો કે આ વિદ્યાની ઉપાસના કરું છું. વિદ્યા તો વશ કરે તેની બને છે. કામ કરો, વૈતરું નહિ. ૩૫ ટકા માર્કસને નજર સમક્ષ રાખી માત્ર પાસ થવા જ અભ્યાસ ન કરો. એવો વિદ્યાર્થી શિક્ષક બને તો એના હાથમાં આવેલા સો વિદ્યાર્થીઓમાંથી ૩૫ જ પાસ થાય ને?

જે રસોઇયો ૧૦૦ રોટલીમાંથી ૩૫ સારી કરે અને બાકીની કાચી કે બળેલી રાખે, તેને તમે રાખો ખરા? તો એવા ૩૫ ટકાથી પાસ થયેલાથી સમાજ કેમ ચાલશે?

કહો કે પાસ થવા નહિ પણ જીવનને સમૃદ્ધ બનાવવા વિદ્યાભ્યાસ કરું છું. તમારું કાર્ય તમારી સર્જનશકિતમાં છે.

એક ચિતકે મંદિર બાંધતા ત્રણ કારીગરોને વારાફરતી પૂછયું : શું કરો છો? એકે કહ્યું : "પથ્થર ફોડું છું." આ ઉત્તરમાં માત્ર વૈતરું અને થાક જ છે; બીજાએ કહ્યું : "આજીવિકા મેળવવા શ્રમ કરું છું," એમાં શ્રમનો મહિમા છે; પણ ત્રીજાએ કહ્યું : "વિદ્યા મંદિરનું સર્જન કરું છું." આ ભવ્ય મંદિરનું સર્જન એ આવતી કાલને વારસો આપવાનું સ્વપ્ન છે.

એક જાતનો વ્યવસાય છતાં દરેકની દૃષ્ટિ જુદી છે. આજે mentality બગડી ગઇ છે. વિચારોનાં શિખરો કયાં છે? ભાવના અને દર્શન વિના કામ મોટાં બનશે પણ માણસો વામણા બનવાના; શરીરના નહિ પણ મનના pigmy બનવાના.

જે કરો તેમાં પ્રાણ રેડો. જે કામ કરો તેને વૈતરું ન ગણો પણ કહો કે સર્જન કરીએ છીએ.

પ્રેમ હોય ત્યાં થાક નહિ, બોજ નહિ, શ્રમ નહિ, કાંઈ નહિ, થાક વૈતરામાં છે. સર્જનમાં તમારો પ્રેમ રેડાય તો શ્રમ આનંદ બની જાય.

બીજી વાત : તમારા કાર્યનું મૂલ્ય તમે કરો. તમારા આનંદ માટે જ કાર્ય કરો. પૂછવા ન જાઓ કે મારું કામ કેવું છે.

પરીક્ષા દીધા પછી હું resultની વાટ ન જોતો, રમણ મહર્ષિના આશ્રમમાં ચાલ્યો જતો. ઘરમાં કહીને જતો કે resultની ચિંતા ન કરશો, result હું જાણું છું, શિક્ષકો માત્ર માર્કસ આપવાના છે. પેપરો સારા લખ્યા હોય તો શિક્ષકોની તાકાત નથી કે fail કરે. પૂછે કોણ? જે જાણતો નથી. જે જાણે છે તે અભિપ્રાય પૂછતો કેમ ફરે?

એક માનવપારખુને ત્રણ માણસો જોઇતા હતા. માળી, મુનીમ અને જનરલ મેનેજર. એકે કહ્યું કે રોજના ત્રણ રૂપિયા લઇશ, એટલે એને માળી તરીકે રાખ્યો; બીજાએ કહ્યું કે રોજના દસ લઇશ એટલે એને મુનીમ તરીકે રાખ્યો; ત્રીજાએ કહ્યું કે રોજના પંચોતેર રૂપિયા લઇશ, એને જનરલ મેનેજર બનાવ્યો. એમાં તમે જોયું હશે કે પગાર માગનારે જ પોતાનું સ્થાન નક્કી કર્યું છે. પગાર પણ પોતાની આવડત પ્રમાણે જ માંગે ને?

તમે તમારી કિંમત કરો. એમ કરવા માટે અંદર બેઠેલી જ્યોતને પૂછો. ગાંધીજીની જય બોલાવવાથી ગાંધીજી નહિ થવાય. અંદર દીવો પ્રગટાવો, અંતરને પૂછો, બીજા કોઇને નહિ. જે કાંઈ કરો તે અભિપ્રાય માટે નહિ, ડિગ્રી માટે નહિ, પણ પોતાને માટે. કહો, મારું મૂલ્ય હું જાણું છું.

ત્રીજી વાત વિનય છે. ફૂલના છોડને રોપવા અને વિકસાવવા જેમ માળી ક્યારો પોચો બનાવે છે એમ જીવનમાં વિચારોના ફૂલને વિકસાવવા હૃદયની ભૂમિને પોચી બનાવવાની છે. એ અહંકારી હશે તો થોરિયા ઊગશે, ગુલાબનાં ફૂલ નહિ.

જે માબાપ તમારા સુખ માટે સ્વપ્નાં સેવતાં હોય, તમારે માટે રોજ ચિંતા કરતાં હોય એમને દૂભવીને દુનિયામાં સેવા કરવા જાઓ તો હાથમાં ઝાડુ લઇને ફોટા પડાવવા જેવું થશે. અહીં આં Good Morning કહો પણ ઘરની અંદર માબાપને હેરાન કરો, પરસેવો પડે એટલી ઊઠ બેસ કરો, પણ માબાપને પાણીનો ગ્લાસ આપવા ઊભા ન થાઓ; એ શું સૂચવે છે? જેમણે તમારે માટે આટલું કર્યું તેમને માટે કાંઇ નહિ? જે સંસ્કૃતિ માબાપને નમવા માટે ના કહે છે એ સંસ્કૃતિ વિકૃતિ છે.

ખલીફા મામુના બે છોકરાઓ હતા. મૌલવી પાસે શીખવા જતા. એમણે વિનયને જીવનસૂત્ર બનાવ્યું. એકવાર મૌલવીના જોડા ઉંધા પડી ગયા તો એને સરખાં કરવા માટે બન્ને છોકરાઓએ

( અનુસંધાન પાન ૧૯૦ પર )

# ❋ પ્રભુને પડખે ❋

(તા. ૨૧–૧–૬૮ના રવિવારે બપોરે પુનિત ભજન મંડળીના ઉપક્રમે માધવબાગમાં
પૂ. ગુરુદેવે આપેલ પ્રવચનની ટૂંકી નોંધ)

મનુષ્ય કોણ? જે પોતાની પ્રજ્ઞાનો ઉપયોગ પોતાની શોધ માટે, પોતાના વિકાસ માટે, પોતે કોણ છે તે જાણવા માટે વાપરે છે તેને જ મનુષ્ય કહી શકાય. આહાર, નિદ્રા, ભય અને મૈથુન, આ ચાર ઓઘ સંજ્ઞામાં અટવાઈ ન જતાં એમાંથી ઉપર આવવાની શક્તિ માત્ર મનુષ્ય ધરાવે છે. એ શક્તિને વિકસાવવાનો ઉપાય એ ધ્યાન છે, પૂજા છે અને સ્વદર્શન છે.

પૂજા એ સાધ્ય નથી પણ સાધન છે; સાધ્ય તો એવા થવાનું છે. કથા સાંભળવી એ સાધ્ય નથી, સાધ્ય તો કથા સાંભળીને ઉપર આવવાનું છે. સાધનને સાધ્ય બનાવે ત્યારે ગરબડ ઊભી થાય છે. શ્રવણ જરૂર કરો પણ સાધન તરીકે સ્વીકારો, સાધ્યને ભૂલો નહિ. સાંભળીને ઉત્તમ પુરુષ બનવું એ સાધ્ય છે.

સીતાને વશ કરવા રાવણે રામનું રૂપ લીધું. રાવણને રામના રૂપમાં જોતાં સીતાએ ઊંચું જોયું પણ રાવણને માત્ર ચૈતન્યનું જ દર્શન થયું, એની આંખમાંથી વિકાર ઊડી ગયો. આમ રામાયણની કથા સાંભળતાં રામની નિર્વિકારતા આવે તો સાર્થક થાય. મહાપુરુષોનાં વચનોનું કે જીવનચરિત્રોનું શ્રવણ કર્યા છતાં એ પગલે ન ચાલીએ તો આપણું શ્રવણ અંધ બની જાય.

કથામાં જનારાની જવાબદારી મોટી છે. જે નથી જતો તે તો કાળાં કપડાં પહેરીને બેઠો છે. પણ જે ધર્મિષ્ઠ છે, કથાકાર છે, ભકત છે એ તો ઊજળાં કપડાં પહેરીને નીકળ્યો છે; આખા ગામની નજર એની સામે છે. જુગારી સામે કોઈ ન જુએ, એ ભૂંડું બોલી શકે, ભૂંડું આચરી પણ શકે. પણ ધર્મીને એવું ન શોભે. એના હાથમાં કોઈ બીડી જુએ તો પણ કહેવાનો કે હજુ વ્યસનો તો છૂટયાં નથી અને મોટો ધર્મી થયો છે!

પ્રભુની સામે જોઈ વિચારો કે પ્રભુ! તમારી જેમ હું ઉપર કેમ આવું? દર વર્ષે એક એક પગથિયું ચઢવાની જરૂર છે. ગુણ મેળવવા એ ખેલ નથી. એક એક સદ્‌ગુણને વળગી એમાં પૂર્ણ બનો. પછી મૃત્યુ આવે તો ગભરાવાનું નથી.

ન જન્મથી રાજી થવાનું, ન મૃત્યુથી રાજી થવાનું. જન્મ છે તો મૃત્યુ છે. જે જન્મથી ગભરાય છે એ ધર્મી છે, જે મરણથી ગભરાય છે એ અધર્મી છે.

ધર્મી જીવનમાં સારાં કામ કરી આ કાયારૂપી શેરડીનો રસ ચૂસી લે છે અને ફોતરાં નાખી, ફેંકી દે છે. જીવન પાસેથી બરાબર કામ લેનારને મૃત્યુની ગભરામણ નથી. મૃત્યુની તૈયારી કરવી એ જ ધર્મનું કામ છે.

જીવનમાં એક જ વિચારણા હોય કે મારા જન્મ કેમ ઓછા થાય? જન્મ કે મરણથી નારાજ થવાનું નથી પણ એ બેની વચ્ચે જે જીવન છે એ નષ્ટ ન થઈ જાય તે જોવાનું. દુનિયામાં માન, સ્થાન મળે કે ન મળે પણ જીવન ટકી રહેવું જોઈએ.

દુઃખીને જોઈને દર્દ જાગે તો ધર્મી છે; માત્ર પૈસો આપે તે ધર્મી નથી. જગતના, સંસારના જીવોમાં એક આત્માનું દર્શન કરવું એ આત્મસાક્ષાત્કાર છે. સહુ દુઃખી તો હું દુઃખી, સહુ સુખી તો હું સુખી. સર્વમાં આત્માનું દર્શન કરનાર કોઈને છેતરી ન શકે, કોઈના ઉપર કુદૃષ્ટિ ન કરે, એનાથી અશુભ કામ થાય જ નહિ.

કામવૃત્તિ અને કંચનમાંથી વિરકત થયો એ બે ભુજાવાળો હાલતો ચાલતો ભગવાન છે.

દુઃખીને જોઈને દ્રવી જાઓ. અરરર! બિચારો! એવી માત્ર શબ્દોની દયા બતાવી સંતોષ ન માનો. સામર્થ્ય વગરની દયા એ

નિર્માલ્ય દયા છે. તું રડી પડયો એમાંથી સામાનો ઉદ્ધાર કેવી તે થયો? એમ તો સીનેમામાં પણ રડે છે! આ બધી છેતરપીંડીઓ છે. આપણે આપણને જ છેતરીએ છીએ. પૂછો કે હું દ્રવી જાઉં ત્યારે કોઈ કરણી કરું છું ખરો?

આત્મદૃષ્ટિથી ભગવાનની કથા સાંભળો, વિચાર કરો "ભગવાનમાં કેટલા સદ્ગુણ છે અને મારામાં કેટલા દુર્ગુણ!" જેમ ઘઉંમાંથી કાંકરા કાઢો છો તેમ તમારામાંથી દુર્ગુણના કાંકરા કાઢો. વૃદ્ધ બને તો ગુણો આવે. ધોળા વાળ એ તો આદરનું પ્રતીક છે. પણ છેલ્લી જિંદગી સુધી આ જ ધમાલમાં, કાગળિયાં ભેગાં કરવામાં, વ્યાજ ગણવામાં જીવન પૂરું થાય તો જિંદગીનો અર્થ શો?

બુદ્ધિનું ફળ તત્ત્વની વિચારણા છે. આપણે જ આપણા જીવનને વૃત્તિ અને લોભ, કામ અને અહંકારથી વિષમય બનાવ્યું છે એને બદલે અમૃતમય બનાવી શકીએ એમ છીએ. શ્રી પુનિત તો સંસારમાં રહીને, ગૃહસ્થાશ્રમમાં રહીને જીવનની મહેક મહેકાવી ગયા. માટે દુર્ગુણોને દેશવટો આપશો અને સદ્ગુણોને સંભારતા જશો તો તમારું જીવન પુનિત પાવન બનશે.

( અનુસધાન પાન ૧૮૮ પરથી )

પ્રેમકલહભરી હરીફાઈ કરી. આ વાતની ખલીફાને ખબર પડી. થોડા દિવસ પછી રાજસભામાં ખલીફાએ પ્રશ્ન કર્યો કે સહુથી મોટું કોણ? બધા કહે કે ખલીફા સાહેબ. ત્યારે ખલીફાએ કહ્યું કે મોટો એ કે જે મૌલવીના પગની મોજડીઓ સીધી કરવા માટે ખલીફાના છોકરાઓ પ્રેમકલહભરી સ્પર્ધા કરે છે.

પ્રવચનના અંતે ગાંધીજીના શ્લોકને સમજાવતાં કહ્યું કે મારે રાજ્ય કે સ્વર્ગ નથી જોઈતાં; મોક્ષની પણ ઉતાવળ નથી; પણ જે દુઃખથી પીડિત છે, વ્યથાથી મૂંઝાયેલ છે, જેનાં આંસુ લૂછનાર કોઈ નથી એવાં પ્રાણીઓ, મનુષ્યો કે વનસ્પતિઓનાં દુઃખને દૂર કરવામાં હું નિમિત્ત બનું.

વનસ્પતિથી શરૂ થયેલો પ્રેમ માનવ સુધી પહોંચે છે. નાનાથી જે શરૂ કરે તે મોટા સુધી પહોંચી શકે.

## * વાચકોને *

દિવ્યદીપ ચોથું વર્ષ પૂરું કરી પહેલી જુલાઇથી પાંચમાં વર્ષમાં પ્રવેશે છે. ચાર વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલા શુભ પ્રયત્નને વાચકો તરફથી ઉષ્માભર્યો સહકાર અને પ્રેરણા મળતાં રહ્યાં છે. વાચકોની શુભેચ્છા આ શુભ કાર્યમાં વધારે પ્રોત્સાહન આપે છે.

સ્વસ્થ સુંદર અને જીવનને ઉત્કર્ષ કરે એવું સાહિત્ય પૂરું પાડવાના આ નમ્ર પ્રયાસને નવા વર્ષમાં પણ વાચકોનો સહકાર સાંપડશે એવી આશા છે. નિયમિત વાચનમાં ખલેલ ન પડે એ દૃષ્ટિએ વાચકો પોતાનું લવાજમ વર્ષ પૂરું થતાં પહેલાં ભરી દે એવી વિનંતી છે.

ચોથું વર્ષ પૂરું થતાં ચોથા વર્ષની દળદાર ફાઈલ માત્ર ચાર રૂપિયામાં સંસ્થા તરફથી મળી શકશે. વી. પી. નો ખર્ચ જુદો ગણવામાં આવશે.

– તંત્રી

# ❋ કોહિનૂર ❋

નગાધિરાજ હિમાલયની ઘનઘોર તરુઘટાવાળી ખીણમાં, નરપાલક ધનપાલે એકદા રજનીવાસ કર્યો.

એ રઢિયાળી રાત્રિએ નિદ્રાદેવના હૂંફાળા ખોળામાં શયન કરતાં, ધનપાલના મુકુટમાંથી કોહિનૂર હીરો સરી પડયો.

પ્રભાતે ધારાનગરી ભણી પ્રયાણ કરતાં ધનપાલે કોહિનૂરને ખૂબ શોધ્યો, પણ તે ન મળ્યો, આખરે દુઃખી બનેલા ભૂપતિએ નિરાશ વદને આગેકૂચ શરૂ કરી.

સોહામણી સાંજનો સમય હતો. સરિતા મધુર કલરવ કરતી પૂર્વ ભણી વહી રહી હતી. સૂર્યનો સુવર્ણવર્ણ, સંધ્યાવર્ણ સંગે સમવર્ણ બન્યો હતો ત્યારે, પેલો કોહિનૂર હીરો પાંદડાંઓમાં છુપાઈને હળવાં કિરણો ફેંકી રહ્યો હતો !

વનમાંથી લાકડાનો ભારો લઈ જતા કોઈ વનેચર ભીલની દૃષ્ટિને કોહિનૂરનાં કિરણોએ આંજી નાખી ! ભારો ફગાવી, કૂદકો મારી, એ હીરા પાસે દોડી ગયો.

હીરાને હાથમાં લેતાં વનેચરને વિચાર આવ્યો. આ તો ખાવાનું કોઈ અદૃષ્ટપૂર્વ ફળ લાગે છે; એમ જાણી એણે મોંમાં મૂકયો.

ચૂસ્યો પણ સ્વાદ નહિ; ચગળ્યો પણ ગળ્યો નહિ; ચાવ્યો પણ ચવાયો નહિ; દાંતથી ભાંગવા ગયો પણ ભાંગ્યો નહિ. એમ કરતાં કરતાં એ અભાગીનો ઊભો દાંત તૂટી ગયો અને લોહીની ધારા વહી રહી. ક્રોધથી ધમધમતો વનેચર, કોહિનૂરને મોઢામાંથી કાઢી, એની સામે ટગર-ટગર જોઈ, બોલી ઊઠયો:

"ઓ કઠણ પાણિયા ! તું શોભીતો છે, સુંદર છે, ચિત્રવિચિત્ર રંગથી ચકચકિત છે, પણ તું મારે કામનો તો નથી જ. તને ચૂસ્યો તો સ્વાદ નથી; ચગળ્યો પણ પિગળ્યો નહિ; ચાવ્યો તો ચવાણો નહિ; તોડવા ગયો તો મારો દાંત તૂટી ગયો. માટે તારા જેવા કમનસીબ, કઠણ પાણાને રાખીને હું શું કરું ?" આમ કહી, ક્રોધથી દાંત કચકચાવતાં એણે હીરાને દૂર દૂર ફગાવી દીધો.

ફગાવેલો એ કોહિનૂર, ખીણની વનઘટામાંથી સરી રહેલી કાવ્યગંગામાં સ્નાન કરતા કવિના ચરણમાં આવી પડયો. કવિના ચરણમાં પડેલો એ કોહિનૂર મન્દ આક્રન્દ કરવા લાગ્યો.

"હા ! રાજાના મુકુટ ઉપરે, શોભતો હું સદા જયાં;
લોકો આવી નમન કરતા દેખીને મુજને ત્યાં,
રે ! રે ! આજે અબુધ જનના હાથમાં હું ચડ્યો કયાં ?
ગાળો આપી કવિ – ચરણમાં ફેંકતો તુચ્છતાથી."

'કોઈ મોટા ભૂપને હાથે હું ચડયો હોત તો હું મૂર્ધન્યના મુકુટમાં શોભત. મારી સૌમ્ય કાન્તિ જોઈ લોકો પ્રસન્ન બનત ! કોઈ મુગ્ધ મહારાણીએ મને જોયો હોત તો પોતાના કોમળ કંઠમાં રહેલા નવલખા હારમાં મને શોભાવત ! કોઇ પરીક્ષક ઝવેરીએ મને નિરખ્યો હોત તો મખમલની સોહામણી ગાદીવાળી સુવર્ણ-મંજૂષામાં મને મૂકી, જોઈ જોઈ ખુશી થાત અને સુખી બનત ! પણ હાય રે ! હું તો મળ્યો આ ગમાર વનેચરને ! બન્નેને નુકસાન ! એનો દાંત ભાંગ્યો અને મારું અપમાન થયું !'

'હા! બેકદરને કદર કયાંથી હોય ! અજ્ઞાનીને જ્ઞાનીઓનાં મૂલ્યાંકન કયાંથી સમજાય ! દુર્જનને સૌજન્યનું મહત્ત્વ કયાંથી સમજાય ! વિલાસીને

વિરાગીની વિશિષ્ટતાઓની મઝા કયાંથી સાંપડે ! અમૂલ્ય ગુણોની કિંમત, ઘેલા ગમારને કયાંથી હોય !'

પોતાના ચરણમાં પડેલા કોહિનૂરનો આ વિલાપ સાંભળી, એ સુજ્ઞ કવિએ એને આશ્વાસન આપતાં કહ્યું :

"ઓ કોહિનૂર ! તારા જેવા સમજુને, શોક-સાગરમાં ડૂબવાનું ન હોય ! આ વનેચર તારી કિંમત ન સમજે એટલા માત્રથી આખું જગત તારી કિંમત **નથી** સમજતું, એમ માનવાની ભૂલ કરીશ નહિ. આ ગમાર વનચરો તારી કિંમત કયાંથી સમજે ? તારું અહોભાગ્ય છે કે એણે તારો પથ્થરથી ચૂરો નથી કર્યો ! એ ગમારથી બચી ગયો એ જ તારું પરમ ભાગ્ય સમજ. તારી કિંમત તો સમજશે પ્રાજ્ઞ ઝવેરીઓ અને વિશ્વના પદાર્થવેત્તાઓ ! નિરાશ ન થા ! તારા જેવા સાચા કોહિનૂરની મારે મારા મોંઘેરા જીવનમાં જરૂર હતી. તારા વિના મારા અંધકાર-વાળા હૈયામાં પ્રકાશનાં કિરણો કોણ ફેંકત ? તારા વિના મારા અમૂલા હૃદયને મહામૂલું કોણ કરત ?" આમ આશ્વાસન આપી, કોહિનૂરને ચુંબન કરતાં કવિએ લલકાર્યું :

"સાચો હીરો જગતજનને પૂર્વ-પુણ્યે મળે છે."

કોહિનૂરનું મૂલ્ય કવિએ કર્યું, તો કવિનું મૂલ્ય કોહિનૂરે કર્યું.

'કથાદીપ'માંથી

## "પોતાની જ ડાળ પર ઘા"

ઈર્ષા અને વિચારશૂન્યતા માણસ, સંસ્થા અને સમાજને કેવાં કરાવે છે તેનો વદતો-વ્યાઘાત જેવો રમુજી પ્રસંગ કહેવાતા શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાના નવમા અધિવેશનના નિર્ણયમાં જોવા મળે છે.

નિર્ણય નં. ૪માં ફિલ્મ ઉતારવા અંગે અરુચિ બતાવે છે. અદ્યતન સાધનોનો વિરોધ કરે છે અને એના જ નિર્ણય નં. ૧માં "ઓરીજનલ પ્રતો"ની માઈક્રોફિલ્મ (Microfilm) તૈયાર કરાવવાનો ઠરાવ કરે છે ! અને ઠરાવમાં પણ "મૂળપ્રતો" એવો સંસ્કૃત શબ્દ વાપરવાને બદલે "ઓરીજીનલ પ્રતો" જેવો વર્ણશંકર શબ્દ વાપરવાની મનોવૃત્તિ શું સૂચવે છે !

– તંત્રી

## * જિજ્ઞાસુ પ્રવાસીઓ *



વરલી ઉપર આવેલ ગ્રીન લૉન સ્કૂલમાં Washington D. C. ના Temple of Understanding ના Executive Director શ્રી અને શ્રીમતી ડન પૂ. ગુરુદેવને એકાગ્ર ચિત્તે સાંભળતા દેખાય છે.

## * તૃપ્તિનો આનંદ *



અલ્પ સમયમાં પ્રશ્નોત્તરી દ્વારા સમાધાન મેળવીને પૂ. ગુરુદેવના આશીર્વાદ લેતાં શ્રી અને શ્રીમતી ડનના મુખારવિંદ ઉપર પૂર્ણ સંતોષ જણાય છે.

## સંસ્થા સમાચાર ★

❋ છેલ્લા અઢી વર્ષથી કોટના ટ્રસ્ટીઓ અને સંઘની ભાવના હતી કે જે ગુરુદેવે પ્રભુની અમૃતમય વાણી વહાવી આપણા નિરસ જીવનમાં રસ આણ્યો, જીવનમાં દીવાદાંડી બની જીવનમાં આત્મજ્ઞાનનો પ્રકાશ પાથર્યો એમના પ્રત્યેની ભાવના રૂપે તેઓશ્રીનો ફોટો મૂકવો. પૂ. ગુરુદેવ આ વાતમાં એ વખતે સમ્મત ન થયા અને વિચાર મુલતવી રાખ્યો.

ફરીથી ટ્રસ્ટીઓનું ભક્તિભર્યું દબાણ થયું. આ વખતે ટ્રસ્ટીઓના નમ્ર છતાં મક્કમ નિર્ણય-ભાવને જોઈ પૂ. ગુરુદેવે વિરોધ ન કર્યો.

સોમવાર તા. ૨૯-૪-૬૮ સવારે શ્રી માણેક-લાલ ચુનીલાલના વરદ હસ્તે પૂ. ગુરુદેવના ફોટાની અનાવરણ વિધિ કોટના ઉપાશ્રયમાં રાખવામાં આવી. વિધિ બાદ પૂ. ગુરુદેવ પધાર્યા અને જણાવ્યું: "ફોટો ઉપાશ્રયમાં મૂકી તમે તમારી જવાબદારીમાંથી મુક્ત તો નથી થઈ જતા ને? જેને આપણે માનતા હોઈએ એના વિચારોને જીવનમાં ઉતારવા એ જ સાચી ભકિત છે. બાકી તો જ્યાં શિલાલેખો ઘસાઈ ગયા છે ત્યાં કાગળના ફોટા તો કયાં રહેવાના છે?"

અંતે પૂ. ગુરુદેવે જણાવ્યું: "તમારા હૃદયની ઉદારતા અને કૃતઘ્નતાની ભાવના પ્રભુની નજીક લઈ જાય અને પ્રભુનાં અહિંસા અને અનેકાન્તના વિચારોને આકાર આપવામાં સહુ સહાયક બનવા પ્રયત્નશીલ બનો એ ભાવના. (૨૯-૪-૬૮)

❋ બપોરે પાંચ વાગે જ્યારે પૂ. ગુરુદેવ તથા પૂ. બળભદ્ર મહારાજ સાહેબે વિહાર કર્યો ત્યારે બજારો ખુલ્લાં અને ચાલુ દિવસ હોવા છતાં સ્ત્રીપુરુષોનો બહોળો સમુદાય પૂ. ગુરુદેવશ્રીને આંસુભીની આંખે વિદાય આપવા એકઠો થયો હતો. પૂ. ગુરુદેવે છેલ્લા ચાર ચાર વર્ષમાં કોટમાં તપ, ત્યાગ અને અહિંસાની એવી હવા ફેલાવી કે ભકતહૃદયો માટે આ વસમી વિદાય હતી.

સવારે વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયન સૂત્ર અને રામાયણ પૂરું કરતાં પૂ. ગુરુદેવે જણાવ્યું હતું કે સૂત્રો પૂર્ણ કયારે થાય, જ્યારે એવું જીવન જીવીએ, એનો સાચો અર્થ આપણા જીવનમાં અવતરે. ઉત્તરાધ્યયન સૂત્ર એ અમૃત છે. પ્રભુ મહાવીરે જે અમૃતની ધારા વહાવી એનું એકાગ્ર ચિત્તે શ્રવણ કર્યા પછી જીવનમાં રાગદ્વેષ, મારું-તારું, નિંદા કુથલી ઓછાં ન થાય તો અમૃત ઢોળ્યું કહેવાય.

વિદાય વેળાએ ભકતોની આંસુભીની આંખો જોઈને પૂ. ગુરુદેવે કહ્યું કે મેં આપેલો ઉપદેશ જો તમારા મનમાં રહેશે તો હું ત્યાં જ છું પણ એ તમારા મનમાંથી નીકળી જાય તો હું અહીં હોવા છતાં નથી. મારા વિચારોનાં સંતાન તમારા મનમાં બેઠેલા છે, એ વિચારો તમારી પાસે રહેશે ત્યાં સુધી એમ માનશો નહિ કે હું દૂર જાઉં છું. દેહ રૂપે દૂર પણ વિચાર રૂપે નિકટ એ જ સાચું સાન્નિધ્ય છે. દુનિયાનો નિયમ છે, "સંયોગમાં આનંદ છે અને વિયોગમાં આંસુ છે." જે આંસુ વિયોગનાં છે એમાં જ્ઞાનનો પ્રકાશ ચમકે તો એ આંસુ મોતી બને અને તમારા જીવનમાં એ પ્રકાશમય મોતી બની રહો.

હું અમારા વતી તમને સહુને મિચ્છામી દુક્કડં દઉં છું અને તમારા આંસુ જ્ઞાનના પ્રકાશથી મોતીની જેમ ચમકે એવી અભિલાષા રાખું છું.

પૂ. ગુરુદેવે માંગલિક સંભળાવ્યું અને વિહાર કર્યો ત્યારે સખત તાપ હોવા છતાં સેંકડો નરનારીઓએ કોટથી ચોપાટી સુધી વિહાર કર્યો. ચોપાટી સંઘના મંત્રી શ્રી ચીમનલાલ મોહનલાલ શાહે આવેલા સૌ સાધર્મિક ભાઈબહેનોનો મધુર-પીણાંથી સત્કાર કર્યો. (૩૦-૪-૬૮)

❋ ચોપાટીથી વિહાર કરીને પૂ. ગુરુદેવશ્રી સૌ સાથે શુક્રવારે સવારે વરલી ઉપર આવેલ ગ્રીન લૉન સ્કૂલમાં પધાર્યા જ્યાં તેઓ સ્વાધ્યાય, વાચન અને લેખન માટે થોડા દિવસ રોકાવાના છે. વરલીના ભાઈબહેનોના આગ્રહથી દર રવિવારે પૂ. ગુરુદેવનું વ્યાખ્યાન સ્કૂલમાં ગોઠવવામાં આવે છે. (૩-૫-૬૮)

# Penalty of Sin.

Sin doth not slap you on the face, it only degrades your reason – whereby your movement towards light is withheld, so that you dash into the vale of darkness.

From 'Lotus Bloom'

**by Chitrabhanu**

☆

*With Best Compliments*

*of*

**Lion Pencils Pvt. Ltd.**

Barar House
Abdul Rehman Street
Bombay 3.

**Chatons Pvt. Ltd.**

237/239,
Abdul Rehman Street,
Bombay 3.

કવર પેજ ૨ થી આગળ

પાસું સમજવામાં આ બહુ મદદ કરે છે. વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં એક માનવી એક રસ્તે જતો હોય અને એની પાછળ બીજો માનવી ચાલ્યો આવે તો એ એમ સમજે કે પાછળ આવતો માનવી મને મારવા કે લૂંટવા જ આવે છે. પણ જ્યારે એને પૂછે ત્યારે માલૂમ પડે કે બન્ને એક જ દિશામાં એક જ સ્થાન તરફ પ્રયાણ કરી રહ્યા છે. ત્યારે બન્ને મિત્રો બની જાય છે. એટલે આજે એકબીજાને સમજવાની mutual understanding ની ખૂબ જરૂર છે.

શ્રી ડને પોતાના જીવનમાં બનેલો એક બનાવ કહ્યો. તેઓ Mexico city માં ફરતા હતા ત્યારે એક બાઈ તેમની પાછળ આવતી હતી. શ્રી ડનને થયું કે આ બાઈ ભીખ માગવા આવતી હશે અને શ્રી ડને એ દિવસે ઘણા ભિખારીઓને મદદ કરેલી હતી. મનમાં એક વિચાર પણ ઉદ્‌ભવ્યો કે આ ભિખારીઓ મારો પીછો ક્યારે છોડશે? થોડીવાર સુધી શ્રી ડન આગળ અને પાછળ પેલી સ્ત્રી એમ બન્ને ચાલ્યા. જ્યારે પેલી બાઈએ શ્રી ડનને પકડી પાડ્યા ત્યારે શ્રી ડનના ખિસ્સામાંથી પડી ગયેલી પેન આપતાં કહ્યું: "લો, આ તમારી કીમતી પેન." શ્રી ડને આ વાતની જાણ થતાં શરમથી મોઢું ઢાંકી દીધું. જેને એ ભિખારી સમજ્યા એ તો કાંઇક આપવા માગતી હતી.

જીવનમાં પણ ઘણીવાર આમ જ બને છે. બીજાનું દૃષ્ટિબિંદુ viewpoint ને સમજવા અગર જાણવાને બદલે પોતાનો અભિપ્રાય બાંધી એને વળગી રહેવાથી ઘણું નુકસાન થાય છે. ઘણીવાર સામી વ્યક્તિ આપણે જે કહેવા માગીએ છીએ એ જ કહેતી હોય છે પણ એ સાંભળવા માટે ન તો આપણી પાસે ધીરજ છે, ન તો આપણી દૃષ્ટિ એટલી વિશાળ છે.

ઑકટોબર મહિનામાં દાર્જીલિંગમાં Spiritual Summit Conference ગોઠવવામાં આવનાર છે. જ્યાં વિશ્વમાંથી દરેક ધર્મના પ્રતિનિધિઓ આવી, આજે વિશ્વમાં ઊભા થયેલા દુન્યવી પ્રશ્નો જેવા કે યુદ્ધ, રોગચાળો, ગરીબાઈ અને મુખ્યત્વે ધર્મની આવશ્યકતા શી છે અને કેટલી છે એ ઉપર પોતાનું મંતવ્ય રજૂ કરવાના છે. પોતાના ધર્મના દૃષ્ટિકોણથી વિચારશે અને ત્યારબાદ વિચારોનો જે વિનિમય થશે એનું તાત્પર્ય એક સુંદર પુસ્તકરૂપે પ્રગટ થશે.

સરળ, સુંદર અને લાક્ષણિક ભાષામાં દૃષ્ટાંતો સાથે પૂ. ગુરુદેવે જૈનતત્ત્વ ઉપર ઘણો પ્રકાશ પાડ્યો એ પ્રકાશથી પ્રભાવિત થઇને શ્રી ડને પૂ. ગુરુદેવને Spiritual Summit Conference માં પોતાનું paper વાંચવા માટે વિનંતી કરી છે.

પૂ. ગુરુદેવે આગળ જતાં સમજાવ્યું કે Every soul is potentially perfect, એ પ્રભુના પંથે ચાલે તો પ્રભુ બને. પ્રભુ તો ફક્ત એક પ્રકાશરૂપે, સૂર્યરૂપે, માર્ગદર્શક છે. માનવી આંખો બંધ કરીને બેઠો છે, એને પોતાની આંખ પોતાની મેળે જ ખોલવાની છે. પ્રકાશ તો સામે જ છે. પ્રભુ તમારી આંખ ખોલવા નહિ આવે પણ જે માનવી આંખ ખોલે છે એને પ્રભુનો પ્રકાશ જરૂર મદદગાર બને છે, સાંપડે છે.

પૂ. ગુરુદેવે જણાવ્યું "જૈનધર્મ એ મારી મા સમાન છે. મને મારી મા પ્યારી છે પણ બીજાની માને સમજવા માટે અને એનામાં રહેલા ગુણોની કદર કરવા માટે હું એટલો જ આતુર છું." આ વાક્ય સાંભળતાં જ શ્રી ડન હસીને બોલી ઉઠયા: "વિશ્વમાં હું જ્યાં જ્યાં ફરીશ ત્યાં આપના આ વાક્યનો ઉપયોગ હું કરવાનો છું અને એ માટે એ વાક્ય ઉપર રહેલો આપનો હક્ક (copy right) હું છીનવી લેવાનો છું."

અંતમાં પૂ. ગુરુદેવ જેઓ જૈનધર્મને એક સંપ્રદાય નહિ ગણતાં "જીવનની એક ઊંડી સમજ, ઊર્ધ્વગામીતાનું વાહક સાધન સમજે છે તે આ સમજને (understanding ને) અમેરિકાનો માણસ પણ કેમ સમજી શકે તે માટે વિચારણા કરી હતી. શ્રી ડને કહ્યું: "અમેરિકા જેવો સમૃદ્ધ દેશ આવા ઊંડાં તત્વજ્ઞાનથી વંચિત છે. અમારા કરોડો લોકો આવી સુંદર સમજથી અજાણ ને અજ્ઞાત છે તેવા અમેરિકનોને લાભ મળે તેવું કંઈ કરો.'

આજે વિશ્વમાં અશાંતિ ચારે બાજુ છે શ્રી ડન જેવી વ્યક્તિ આ અશાંતિમાં શાંતિ કેમ લાવવી એ પ્રશ્નનો ઉત્તર મેળવવા સહુને મળી રહ્યા છે. પૂ. ગુરુદેવ પાસે એ પ્રશ્નની સુંદર છણાવટ થતાં તેઓને ઘણો હર્ષ થયો અને મુંબઈમાં તેઓનો પ્રોગ્રામ અગાઉથી નક્કી કરેલો હોવા છતાં બીજે દિવસે પોતાનાં પત્ની શ્રીમતી ડનને લઈને પૂ. ગુરુદેવ પાસે આશીર્વાદ મેળવવા પાછા આવવાનું નક્કી કરીને છૂટા પડ્યા.

કોઇ પણ સંપ્રદાયનો હઠાગ્રહ કે દુરાગ્રહ વિના સાચા જ્ઞાનના પિપાસુકો જ્ઞાનીના ચરણોમાં નમી પડે છે. આવી જ્ઞાનગોષ્ઠિનો લાભ પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં બેસનાર અમ સૌને મળ્યો એ પણ કોઈ પૂર્વજન્મનાં પુણ્યનો પ્રકાશ જ છે ને?

લે. કુ. વત્સલા અમીન

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેં'ડીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.